GJVD020086592026

## એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
## મુ. વડોદરા.

**ગુ.મુ.નં.૯૭૨/૨૦૨૬**
**આંક–**

**<u>ફરીયાદી</u>** – શ્રી સરકાર

વિરુધ્ધ

**<u>આરોપી</u>** – કરણભાઇ લક્ષ્મણભાઇ સોલંકી

**<u>ગુન્હો – જી. પી. એકટ ની કલમ – ૧૩૫ મુજબ.</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં. ૫ માં જણાવ્યા મુજબનો ગુનો કર્યા બાબતની ચાર્જશીટ અત્રેની અદાલતમાં મુકવામાં આવેલ છે. જે અન્વયે આરોપી અદાલતમાં હાજર થતા આરોપીને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. તેમજ તેઓનું કોર્ટ રૂબરૂનું નીવેદન લેતાં તેઓએ તેની સામેનો ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ આપેલી છે. તેમજ આરોપીએ તેમના ગુના સંબંધમાં જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના છે, કુટુંબના સભ્યોની જવાબદારી તેમના માથે છે. ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેની ખાત્રી આપે છે. તેમજ દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલી છે. આમ સમગ્ર હકીકતનો લક્ષમાં લેતાં તેમજ કાયદાનો રીફોરમેટીવ હેતુ લક્ષમાં રાખી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૬૪ અન્વયે તેમની સામેના ગુના જી.પી.એકટની કલમ–૧૩૫ સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે, તેમજ તેઓને તેમની સામેના ગુના સબબ સંયુકત રીતે કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૩૦૦/– (અંકે રૂપીયા ત્રણસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન–૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અગાઉ જો કોઈ વચગાળાનાં તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને બિનકિંમતી મુદ્દામાલ અપીલ સમય બાદ કાયદા મુજબનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: ૧૪/૦૩/૨૦૨૬

**( બંધન સિંહ )**
એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડોદરા.
જી.જે. ૦૧૩૭૫

**રસીદ નં.** ..........................,
**દંડ રૂ.** ..........................,

નાઝર